# સોશિયલ મિડિયા પર ટિપ્પણીથી ધરપકડ નહીં થાય : સુપ્રીમ

નવી દિલ્હી,તા. ૨૪

સોશિયલ મિડિયા પર કોઇ પોસ્ટના કારણે પોલીસ કોઇને હવે તરત પકડી શકશે નહી. સુપ્રિમ કોર્ટે આજે વધુ એક ઐતિહાસિક ચુકાદો આપીને આઇટી એક્ટની જોગવાઇ પૈકી એક ૬૬એને દુર કરવાનો નિર્ણય કર્યો હતો. ૬૬ એને દુર કરવામાં આવતા તમામ નિષ્ણાંતોમાં આને લઇને હવે ભારે ચર્ચા છે. આ કલમ વેબ સાઇટ પર કોઇ વાંધાજનક સામગ્રી મુકી દેવાની સ્થિતીમાંકોઇ વ્યક્તિને પકડી પાડવા પોલીસને સત્તા આપતી હતી. જસ્ટીસ જે ચેલમેસ્વર અને જસ્ટીસ આરએફ નરીમનની બેંચે પોતાના ચુકાદામાં કહ્યું છે કે ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ ૬૬એ ના કારણે લોકોની માહિતી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારને નુકસાન થાય છે. કોર્ટે આ જોગવાઇને ગેરકાયદે ગણાવીને કહ્યું હતું કે કોઇ એક વ્યક્તિ માટે જે બાબત અપમાનજનક હોઇ શકે છે તે બીજા માટે અપમાન જનક નહી પણ હોઇ શકે છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રની કેટલીક દલીલોને ફગાવી દીધી હતી. કેન્દ્ર સરકારે ખાતરી આપી હતી કે કાયદાનો દુરુપયોગ કરવામાં આવશે નહી. બેંચે તેના ચુકાદામાં કહ્યું હતું કે સરકાર આવે છે અને જાય છે. પરંતુ કલમ ૬૬ એ હમેંશા માટે રહેશે. કોર્ટે આઇટી એક્ટની બે અન્ય જોગવાઇને દુર કરવાનો સાફ ઇન્કાર કર્યો હતો. જે વેબસાઇટને બ્લોક કરવાની શક્તિ આપે છે. આઇટી એક્ટની આ ચર્ચાસ્પદ કલમનો શિકાર કેટલાક લોકો થઇ ચુક્યા છે. જેમાં ઉત્તરપ્રદેશના એક કાર્ટુનિસ્ટથી લઇને પશ્ચિમ બંગાળના પ્રોફેસરનો સમાવેશ થાય છે. તાજેતરમાં જ આજમ ખાનને લઇને ફેસબુક પર કરવામાં આવેલી ટિપ્પણીથી ભારે વિવાદ થયો હતો. યુવાનને જેલની સજા ભોગવી પડી હતી. વિદ્યાર્થીની સામે આઇટી એક્ટની કલમ ૬૬એ સહિત અન્ય કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં ૬૬એની સામે દાખલ કરવામાં આવેલી અરજીઓમાં કહેવામાં આવ્યું છે કે, આ કાયદો અભિવ્યક્તિની સ્વતંત્રતા અને વ્યક્તિગત સ્વતંત્રતાના મૂળ અધિકારની વિરુદ્ધ છે અને ગેરબંધારણીય છે. અરજીઓમાં માંગ કરવામાં આવી હતી કે, અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથે સંબંધિત કોઇપણ મામલામાં મેજિસ્ટ્રેટની મંજુરી વગર કોઇપણ ધરપકડ થવી જોઇએ નહીં. સુપ્રીમ કોર્ટે ૧૬મી મે ૨૦૧૩ના દિવસે દિશાનિર્દેશ જારી કરીને કહ્યું હતું કે, સોશિયલ મિડિયા ઉપર કોઇપણ વાંધાજનક પોસ્ટ કરનાર વ્યક્તિની કોઇપણ સિનિયર અધિકારી જેવા કે, આઇજી અથવા ડીસીપીની મંજુરી વગર ધરપકડ કરી શકાય નહીં.

બીજી તરફ સરકારની એવી દલીલ હતી કે, આ કાયદાના દુરુપયોગને રોકવા માટે પ્રયાસો થવા જોઇએ. આને સંપૂર્ણપણે દૂર કરવાની બાબત યોગ્ય રહેશે નહીં. સરકારના જણાવ્યા મુજબ ઇન્ટરનેટની દુનિયામાં તમામ એવા તત્વો છે જે સમાજ માટે ખતરો બની શકે છે. જેથી પોલીસને તોફાની તત્વોની ધરપકડ કરવાની સત્તા હોવી જોઇએ.



**ત્રણ બેઠક પૈકી એક માટે દાવેદાર**

## રાજ્યસભા સીટ માટે મમુટી પ્રબળ દાવેદાર

થિરુવંતનપુરમ,તા. ૨૪

સીપીઆઇએમના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી પ્રકાશ કરાત, તેમના પત્નિ વૃંદા કરાત, અભિનેતા મમુટી કેરળમાંથી રાજ્યસભાની ત્રણ બેઠકો પૈકીની એક માટે પ્રબળ દાવેદારોમાં સામેલ છે. બાકીની બે બેઠકો કોંગ્રેસના ઉમેદવારો



દ્વારા ભરવામાં આવનાર છે. સુપર સ્ટાર મમુટી લાંબા સમયથી સીપીઆઇએમની સાથે છે જ્યારે વૃંદા કરાત પશ્ચિમ બંગાળમાંથી રાજ્યસભાના સભ્ય તરીકે રહી ચુક્યા છે. તેમના પતિ અને વિદાય લેતા સીપીઆઇએમના જનરલ સેક્રેટરી પ્રકાશ કરાત આ હોદ્દા માટે પ્રબળ દાવેદારોમાં સામેલ છે. બે પત્રકારો પણ રેસમાં હોવાના અહેવાલ મળ્યા છે. વર્ષ ૨૦૧૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં તેઓએ તમામને ચોંકાવી દીધા હતા. રાજ્ય સભાની કેરળની જગ્યાઓને લઇને ભારે ઉત્સુકતા છે. કેરળ ટીવી ચેનલ સાથે જોડાયેલા પત્રકાર પણ આમા સામેલ છે. સીપીઆઇએમે લોકસભા અને રાજ્યસભાની બેઠક માટે ઉમેદવારોના નામ પસંદ કરીને અગાઉ તમામને ચોંકાવી દીધા હતા.

## દક્ષિણ ફ્રાન્સમાં પ્લેન ક્રેશ થતાં ૧૫૦ના મૃત્યુ



ફ્રાન્સ, તા. ૨૪

જર્મનીના ડુઝલડોર્ફથી સ્પેનના બાર્સિલોના જઈ રહેલ એયરબસ ૩૨૦ દક્ષિણ ફ્રાન્સમાં ક્રેશ થઈ ગયું છે. આ વિમાનમાં ૧૪૨ મુસાફરો અને ૬ ક્રુ મેમ્બર સવાર હતા. આ વિમાન જર્મનીની સસ્તી વિમાન સેવા જર્મનવિંગ્સનું હતું. આ દુર્ઘટના દક્ષિણ ફ્રાન્સના ડિગ્ને વિસ્તારમાં થઈ હોવાની માહિતી મળી છે.

સૂત્રોએ જણાવ્યું કે આ દુર્ઘટના પછી વિમાનનો કાટમાળ પણ મળી આવ્યો છે. આ વિમાન બાર્સિલોનાથી ડુઝલડોર્ફ તરફ જઈ રહ્યું હતું. ફ્રાન્સની પોલીસ અને વિમાન અધિકારીઓનું કહેવું છે કે વિમાન દક્ષિણ ફ્રાન્સમાં આલ્પ્સ પર્વત શ્રૃંખલામાં બાર્સિલોના અને ડિગ્ને વચ્ચે ક્રેશ થયું છે. આ દુર્ઘટના પછી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ફ્રાંસુઆ ઓલાંદનું કહેવું છે કે આ વિમાન અકસ્માતમાં એક પણ પ્રવાસીઓની બચવાની એકદમ ઓછી સંભાવના છે. આ દુર્ઘટના પછી જર્મનવિંગ્સે ટિવટ ઉપર કહ્યું કે અમને આની જાણકારી મીડિયા દ્વારા મળી છે. અમારી પાસે આ દુર્ઘટનાની કોઈ પણ પુષ્ટિ નથી.

## વિજ્ઞાનના ક્ષેત્રમાં રોકાણના સંદર્ભે ભારત ખુબ જ પાછળ

મુંબઇ,તા. ૨૪

તાજેતરમાં જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત તેના નજીકના હરિફ દેશો ચીન, અમેરિકા અને દક્ષિણ કોરિયાની સરખામણીમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં ખુબ ઓછુ રોકાણ કરે છે. આ તમામ દેશો ભારત કરતા વિજ્ઞાનના સંશોધનમાં વધારે નાણાંનો ઉપયોગ કરે છે. થિંક ટેન્ક દ્વારા જારી કરવામાં આવેલા અભ્યાસમાં ।દાવો કરવામાં આવ્યો છે કે ભારત વિજ્ઞાનના સંશોધન પાછળ જીડીપીના ૦.૮૮ ટકા રકમનુ રોકાણ કરે છે. જ્યારે અમેરિકા તેના જીડીપીના ૭-૮ ટકા અને દક્ષિણ કોરિયા ૩-૪ ટકા રકમનુ રોકાણ કરે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતના આરએન્ડડી પૈકી ૨૫ ટકા રકમ મૂળભૂત સંશોધનમાં ખર્ચ કરવામાં આવે છે. ચીન મૂળભૂત સંશોધન પર માત્ર પાંચ ટકા રકમ ખર્ચ કરે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં થિયેરી આધારિત શિક્ષણ પ્રેકટિકલ વિશ્વ કરતા અલગ છે. ભારતના વિજ્ઞાન અને એન્જિનિયરિંગ પીએચડી લોકો પણ પાછળ રહી ગયા છે. ઓબ્જર્વર રિસર્ચ ફાઉન્ડેશનના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે અન્ય દશોની સરખામણીમાં ભારત વિજ્ઞાનના ક્ષેત્રમાં પાછળ છે. ઓઆરએફ ચેરમન સુરિન્દ્ર કુલકર્ણીએ કહ્યું હતું કે ડિગ્રી સર્ટિફિકેટ અને એજ્યુકેશન વચ્ચે ખુબ અંતર છે. જેના લીધે સમસ્યા ઉભી થાય છે. ભારતમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં રોકાણની રકમ વધે અને વધુને વધુ પ્રાથમિકતા આને આપવામાં આવે તે જરૂરી છે. વિશ્વના દેશો હવે વિજ્ઞાનને વધુ પ્રાથમિકતા આપી રહ્યા છે.

## કંગના રાણાવત શ્રેષ્ઠ અભિનેત્રી

નવીદિલ્હી,તા. ૨૪

ખુબ જ પ્રતિષ્ઠિત ગણાતા ૬૨માં રાષ્ટ્રીય એવોર્ડની આજે જાહેરાત કરી દેવામાં આવી હતી. ધારણા પ્રમાણે જ કંગના રાણાવતે શ્રેષ્ઠ અભિનેત્રી માટેનો એવોર્ડ જીતી લીધો હતો. ક્વિન ફિલ્મમાં યાદગાર ભૂમિકા બદલ કંગનાને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. કંગનાએ બીજી વખત રાષ્ટ્રીય એવોર્ડ જીત્યો છે. ૬૨માં રાષ્ટ્રીય ફિલ્મ



એવોર્ડમાં કંગના અન્ય અભિનેત્રીઓને પાછળ છોડીને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીતી ગઈ હતી. ભૂતકાળમાં પણ કંગનાએ તેની ફિલ્મ ફેશન માટે રાષ્ટ્રીય એવોર્ડ જીત્યો હતો જ્યારે શ્રેષ્ઠ અભિનેતા માટેનો એવોર્ડ કન્નડ ફિલ્મ નાનુ અવાનલ્લા અવલુ માટે વિજયને આપવામાં આવ્યો હતો. ક્વીન શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવી હતી જ્યારે શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મ માટેનો એવોર્ડ વિશ્વ ચેમ્પિયન મેરી કોમ ઉપર આધારિત પ્રિયંકા ચોપડાની ફિલ્મ મેરી કોમે જીતી લીધો હતો.

બંગાળી ફિલ્મ માટે શ્રીજીત મુખરજીને બેસ્ટ ડિરેક્ટર માટેનો એવોર્ડ મળ્યો હતો. ચેતન્ય તમ્હાનેની કોર્ટને શ્રેષ્ઠ ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવી હતી જ્યારે બોબી સિમ્હાએ જીગર થંડા માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો જ્યારે બલજિંદર કૌરે પગડી દ હોનર માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. શ્રેષ્ઠ મહિલા ગાયિકા માટેનો એવોર્ડ સેવમે જીત્યો હતો જ્યારે ડિઝાઈનર માટેનો એવોર્ડ હૈદર માટે ડોલી આહલુવાલિયાએ જીત્યો હતો. હૈદર માટે સંગીત બદલ શ્રેષ્ઠ સંગીત નિર્દેશનનો એવોર્ડ અપાયો હતો. બેસ્ટ કોરિયોગ્રાફી માટેનો એવોર્ડ હૈદરને મળ્યો હતો. રાષ્ટ્રીય એવોર્ડમાં હૈદરે કેટલાક એવોર્ડો જીત્યા હતા. શ્રેષ્ઠ મલ્યાલમ ફિલ્મ તરીકે એન અને શ્રેષ્ઠ મરાઠી ફિલ્મ કિલ્લા રહી હતી જ્યારે શ્રેષ્ઠ ઓરિયા ફિલ્મ આદિમવિચાર તરીકે રહી હતી જ્યારે શ્રેષ્ઠ પંજાબી ફિલ્મ પંજાબ ૧૯૮૪ સાબિત થઈ હતી.

## મંદી અકબંધ : સેંસેક્સ ૩૦ પોઇન્ટ ઘટીને અંતે બંધ રહ્યો

મુંબઈ,તા. ૨૪

શેરબજારમાં આજે પણ મંદીનું મોજુ રહ્યું હતું. ભારે ઉથલપાથલ સાથેના કારોબારી સેશન વચ્ચે શેરબજારમાં મંદી રહી હતી. સેંસેક્સ ૩૦ પોઇન્ટ ઘટીને ૨૮૧૬૨ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી આઠ પોઇન્ટ ઘટીને ૮૫૪૩ની સપાટીએ રહ્યો હતો. બ્રોડરમાર્કેટમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૦.૪-૦.૬ ટકા વચ્ચેનો ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈમાં માર્કેટબ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૭૧૭ શેરમાં મંદી અને ૧૦૮૭ શેરમાં તેજી રહી હતી. દરમિયાન વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ઈક્વિટીમાં ૪૧૭ કરોડની ખરીદી કરી છે. એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા ભારતમાં વિકાસદરની પણ વાત કરવામાં આવી છે. ભારતનો વિકાસદર ૨૦૧૫-૧૬માં ૭.૮ ટકા સુધી રહેવાની વાત કરવામાં આવી છે. ઈકોનોમિક સર્વેમાં પણ આની વાત કરવામાં આવી હતી. એશિયન બજારોમાં આજે ઘટાડો રહ્યો હતો. દરમિયાન સેક્ટર અને શેરની વાત કરવામાં આવે તો હેલ્થકેર, કન્ઝ્યુમર ડ્યુરેબલ, ઓઇલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૧-૨ ટકા વચ્ચેનો ઉછાળો નોંધાયો હતો. જ્યારે ઓટો, બેંક, આઈટી અને રિયાલીટી સેક્ટરમાં ૦.૪-૧ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. ભારતી એરટેલના શેરમાં સૌથી વધુ ત્રણ ટકાનો ઉછાળો નોંધાયો હતો. વોડાફોન સાથે ભારતી એરટેલ સંયુક્ત સાહસ કરનાર છે તેવા મિડિયા અહેવાલ બાદ તેમાં જોરદાર તેજી નોંધાઈ છે. માર્કેટ બ્રીડ્થની સ્થિતિ પણ આજે નકારાત્મક જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે મંદીનું મોજું ફરી વળ્યું હતું. કારોબારના અંતે ગઈકાલે સેંસેક્સ ૬૯ પોઈન્ટ ઘટીને ૨૮૧૯૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૦ પોઈન્ટ ઘટીને ૮૫૫૧ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટીએ ૮૫૫૦ની સપાટીને જાળવી રાખવા માટે સફળતા મેળવી હતી. બજારમાં હવે ઉદાસીન માહોલ જોવા મળી રહ્યો છે.

## બિહાર : ભાજપની તાકાતને વધારવાની જરૂરીયાત ઉપર

નવી દિલ્હી,તા. ૨૪

બિહાર, પશ્ચિમ બંગાળ, તમિળનાડુ અને કેરળમાં ભાજપની સ્થિતીને વધુ મજબુત કરવાની રણનિતી તૈયાર કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં ભાજપ આ તમામ રાજ્યોમાં વધારે તાકાત લગાવે તેવી શક્યતા છે. સંઘ અને ભાજપના નેતાઓ વચ્ચે મળેલી બેઠકમા પણ આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ તમામ રાજ્યોમાં વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તેવી સહમતિ આ બેઠકમાં થઇ હતી. બિહારમાં પાર્ટી સંગઠન ધરાવે છે પરંતુ હવે વધારે ધ્યાન આપવાની જરૂર છે. બિહારમાં તોડાક સમયમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજનાર છે. સંઘ ઇચ્છે છે કે ભાજપની સ્થિતીને બિહારમાં ઝડપથી વધારે મજબુત કરવાની જરૂર છે. સંઘના હોદ્દેદારો માને છે કે દિલ્હીની જેમ વધારે પડતા આત્મવિશ્વાસમાં રહેવાનીજરૂર નથી. કેટલાક વધુ રાજ્યોમાં પક્ષની સ્થિતીને મજબુત કરવાનો આ સમય



છે. મિડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આ બેઠકમાં સંઘે બિહારમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઇને જેડીયુ સાથે મિત્રતા કરવાની પણ સલાહ આપી છે. જો કે આ સલાહ સ્વીકારાય તેવી શક્યતા નહીવત છે. સંઘના લોકો માને છે કે જેડીયુને કોંગ્રેસ અને આરજેડીથી અલગ કરીને વધારે ફાયદો ચૂંટણીમા લઇ શકાય છે. સંઘના લોકો ભાજપને પૂર્ણ મદદ કરવાની તૈયારી કરી ચુક્યા છે. જમીન બિલ પર સંઘના લોકો અભિયાન ચલાવશે અને તેની વિશેષતા અંગે લોકોને માહિતી આપશે. આના માટે તે પોતાના વિશાળ નેટવર્કનો ઉપયોગ કરશે. સંઘ તરફથી ખાતરી આપવામાં આવી છે કે તે લોકોને જમીન અધિગ્રહણ બિલની ખાસ બાબત અંગે માહિતી આપવા અભિયાન ચલાવશે. સાથે સાથે યોગ દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો દરજ્જો મળી ગયા બાદ સંઘ અને ભાડપના લોકો યોગ દિવસ પર દેશભરમાં વિવિધ કાર્યક્રમો તૈયાર કરશે અને આની ખાસ ઉજવણી કરશે. તેના એજન્ડાને સરકાર ગંભીરતાપૂર્વક લે તેવી વાત પણ કરવામાં આવી હતી. આવનાર દિવસોમાં બન્ને વધુ સહમતિ સાથે કામ કરનાર છે.

## કેરીની કિંમત આસમાન પર પહોંચે તેવી શક્યતા

લખનૌ,તા. ૨૪

ગુજરાતની સાથે સાથે આ વખતે ઉત્તરપ્રદેશમાં પણ કેરીનુ ઓછુ ઉત્પાદન થવાના સંકેત દેખાઇ રહ્યા છે. જેના પરિણામસ્વરૂપે કિંમતો આસમાને પહોંચી જાય તેવા સંકેત દેખાઇ રહ્યા છે. આ વર્ષે ખરાબ હવામાન અને કમોસમી વરસાદના કારણે ઉત્તરપ્રદેશના માલ-માલિહાબાદ-કાકોરી પટ્ટામાં પણ નુકસાન થયુંછે. આ પટ્ટામાં લોકપ્રિય કેરીની જાતનુ ઉત્પાદન કરવામાંઆવે છે. ૩૫૦૦૦ હેક્ટર જમીનમાં કેરીનુ ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. જો કે આ વખતે હવામાનની માઠી અસર થઇ છે. પ્રથમ વખત શિયાળાની લાંબી સિઝનની અસર થઇ છે. ત્યારબાદ કમોસમી વરસાદ પણ થઇ ગયો છે. જેથી કેરીના પાકને ભારે નુકસાન થયું છે. કેરીના પટ્ટામાં ખેડુતો માને છે કે આ વખતે ફળોના રાજા માટે સિઝન સારી નહી રહે તેવી શક્યતા છે. જેથી લોકોને આ વખતે સિઝનમાં દુસ્સેહરી જાતની કેરીના ભાવ વધારે રહેશે. સામાન્ય લોકોને કિલોદીઠ આ વખતે ૧૦ અને ૧૫ રૂપિયા વધારે ચુકવવા પડે તેવી શક્યતા છે. કેરીની અન્ય જાતો સફેદા અને ચૌસાની કિંમતમાં પણ વધારો થાય તેવી શક્યતા છે. કેરીના સારા પાક માટે હમેંશા ઉંચુ તાપમાન ઉપયોગી રહે છે. પરંતુ આ વખતે શિયાળાની સિઝન લંબાઇ ગઇ છે. એટલામાં ઓછુ હોય તેમ કમોસમી વરસાદ થઇ ગયો છે. જેથી વધારે કફોડી હાલત કેરીના ખેડુતોની થઇ છે. ઉત્તરપ્રદેશમાં કેરીનુ પાક બે પટ્ટામાં થાય છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે પહેલાથી જ કેરીના પાકને નુકસાન થઇ ચુક્યું છે. જો વધારે વરસાદ પડી જશે તો નુકસાન ખુબ મોટુ રહેશે.

**કિલોદીઠ ૧૦થી ૧૫ રૂપિયા ભાવ વધી શકે**

ઉત્તરપ્રદેશમાં મુખ્યરીતે બે પત્તામાં કેરીનું ઉત્પાદન કરવામાં આવે છે જે પૈકી ઉત્તરીય પટ્ટામાં આવતા વિસ્તારોમાં સહારનપુર, મુઝફ્ફરનગર, બીજનૌર, બાગપત, મેરઠ, જેબી ફુલે અને બુલંદ શહેરનો સમાવેશ થાય છે. બીજી બાજુ મધ્ય પટ્ટામાં હરદોઇ, સીતાપુર, બારાબંકી, લખનૌ, પ્રતાપગઢ, વારાણસી, ફૈઝાબાદ અને ઉનાઉનો સમાવેશ થાય છે. આ વખતે કેરીના પટ્ટામાં ખેડૂતો પણ માની રહ્યા છે કે, સિઝન સારી રહેશે નહીં. સામાન્ય લોકોને આ સિઝનમાં જુદી જુદી જાતની કેરી માટે ૧૦થી ૧૫ રૂપિયા કિલો દીઠ વધુ ચુકવવા પડશે. ઉત્તરપ્રદેશમાં કેરીની અન્ય જે લોકપ્રિય જાતિઓ છે તેમાં સફેદા, ચૌસા અને દુસેહરીનો સમાવેશ થાય છે. આ તમામ જાતની કેરીઓ બજારમાં ખુબ જ લોકપ્રિય છે.

## ન્યુઝીલેન્ડનો ફાઈનલમાં પ્રવેશ

ઓકલેન્ડ,તા. ૨૪

આઈસીસી વર્લ્ડકપ ૨૦૧૫ની પ્રથમ સેમિફાઈનલમાં દક્ષિણ આફ્રિકા ઉપર અતિ રોમાચંક અને દિલધડક જીત મેળવીને ન્યુઝીલેન્ડે ફાઈનલમાં પ્રવેશ કરવામાં સફળતા મેળવી હતી. ન્યુઝીલેન્ડની ટીમ પ્રથમ વખત ફાઈનલમાં પહોંચી છે. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડની સામે ૨૯૮ રનનો મહાકાય લક્ષ્યાંક મુક્યો હતો પરંતુ આ લક્ષ્યાંકને પણ ન્યુઝીલેન્ડે પાર પાડીને નવો ઈતિહાસ સર્જ્યો હતો. પ્રથમ વખત ન્યુઝીલેન્ડની ટીમ વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચી છે. અગાઉ સાત વખત તેની સેમિફાઈનલમાં હાર થઈ હતી. આજની મેચમાં ઈલિયોટ હીરો તરીકે સાબિત થયો હતો. ન્યુઝીલેન્ડ વતી એક બોલ ફેંકવાનો બાકી હતો ત્યારે જ ઈલિયોટે સ્ટેઈનની બોલિંગમાં છગ્ગો ફટકારીને આફ્રિકન છાવણીમાં સોપો પાડી દીધો હતો અને આ મેચ આફ્રિકાએ ગુમાવી દીધી હતી. ન્યુઝીલેન્ડ હવે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનારી બીજી સેમિફાઈનલ મેચમાં વિજેતા સામે ટકરાશે. ન્યુઝીલેન્ડે આજે શરૂઆતથી જ મેચ જીતવા માટે લડાયક જુસ્સાનો પરિચય આપી દીધો હતો. પ્રથમ પાંચ ઓવરમાં જ ન્યુઝીલેન્ડે ૭૧ રન બનાવી લીધા હતા. કેપ્ટન મેક્કુલમે ૨૬ બોલમાં આઠ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૫૯ રન કર્યા હતા. વર્ષ ૨૦01 બાદથી શરૂઆતના પાંચ ઓવરમાં આનાથી વધુ રન માત્ર એક વખત બન્યા છે. ન્યુઝીલેન્ડે બાંગ્લાદેશની સામે ૨૦૦૭માં શરૂઆતના પાંચ ઓવરમાં ૭૮ રન કર્યા હતા. આજની મેચમાં અનેક ઉતારચઢાવ રહ્યા હતા પરંતુ ન્યુઝીલેન્ડે આ મેચ ગુમાવી ન હતી. કોરી એન્ડરસન અને ઈલિયોટે બાજી સંભાળી લીધી હતી અને મેચને પોતાની તરફેણમાં કરી દીધી હતી. ઈલિયોટે ૭૩ બોલમાં સાત ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે ૮૪ રન બનાવ્યા હતા જ્યારે એન્ડરસન ૫૮ રન કરીને આઉટ થયો હતો.



અગાઉ ઓકલેન્ડ ખાતે આજે વરસાદગ્રસ્ત આઈસીસી વર્લ્ડ કપની પ્રથમ સેમીફાઈનલ મેચમાં પ્રથમ બેટિંગ કરતા આફ્રિકાએ પાચ વિકેટ ગુમાવીને ૪૩ ઓવરમાં ૨૮૧ રન કર્યા હતા. વરસાદના કારણે ડકવર્થ લુઈસ પદ્ધિતી અમલી કરવામા આવી હતી. ટોસ જીતીને આફ્રિકાએ ધીમી શરૂઆત કરી હતી. શરૂઆતમાં બે વિકેટ પણ ગુમાવી હતી. પરંતુ ત્યારબાદ કેપ્ટન ડિવિલિયર્સ અને પ્લેસીસ છવાઈ ગયા હતા. ડિવિલિયર્સે ૪૫ બોલમાં આઠ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી અણનમ ૬૫ રન કર્યા હતા. જ્યારે મિલરે ૧૮ બોલમાં છ ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકાર્યા હતા. આ ઉપરાંત પ્લેસીસે ૮૨ રન કર્યા હતા. બોલ્ટે વધુ બે વિકેટ ઝડપી હતી.

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે. વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે.

## સમાચાર ઝલક

- અમદાવાદમાં જાહેર સ્થળો ઉપર ગંદકી બદલ જંગી દંડ ફટકારાશે.
- રાજકોટ પ્રાણી સંગ્રાહલયમાં એક જ વર્ષમાં સિંહણના ૧૦ બચ્ચાં જન્મ્યાં.
- શુક્રવાર સુધી ગુજરાતમાં હિટવેવનો માહોલ સર્જાશે.
- ગુજરાતમાં ગરમી વધતાં સ્વાઈન ફલુ નિયંત્રણમાં.
- ભુજમાં છેડતી થયાની અફવાથી ધિંગાણું મચ્યું બે પોલીસ સહિત ૯ ઈજાગ્રસ્ત.
- ભાવનગરમાં ૫૦૦ રૂપિયાની નકલી નોટો છાપવાનો પ્રેસ ઝડપાયો.
- સીડની સ્ટેડીયમમાં સેમી ફાઈનલ માટે ૭૦ ટકા ટિકિટો ભારતીયોએ ખરીદી લીધી.
- સી.એ. અભ્યાસક્રમમાં ધરખમ ફેરફારો. પાંચ વર્ષનો કોર્ષ સાડા છ વર્ષે પુરો થશે.
- ગોળ અને ખાંડમાં મંદીનો માહોલ. તમામ કોલાઓ બંધ થશે.
- ખાદી ગ્રામોદ્યોગને આગળ લાવવા નવી યોજનાઓ અમલમાં આવશે. રોજગારી વધશે.
- ન્યૂયોર્કમાં ઘરમાં આગ લાગતા ૭ બાળકો ભડથું થયા.
- ૪૫ થી ૬૦ મિનિટનાં ઝોકાથી યાદશકિત પાંચ ગણી વધે છે.